સમયના સૂર્યનું ચાલે તો
સળગાવી મૂકે સઘળું..
વ્યથાનાં વાદળો તો
વાતાવરણને જીવતું રાખે
- રઈશ મનિયાર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૦ | ૩૦ જૂન, ૨૦૧૪, સોમવાર; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



## ગાંધીનગરમાં કોણ છે ? - રાજા રણછોડ છે...

(તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં ઉલ્લાપૂર્વક નીકળેલી ભવ્ય રથયાત્રા

## સેક્ટરોમાં ભાવિકોએ હેતે ઓવારણા લીધા : હાથી, ઘોડા અને કલાત્મક બગી સાથે નીકળેલી ભગવાનની યાત્રાનુ ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં ભગવાન




જગન્નાથજીની સે. ૨૨ પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. નગરચર્યા માટે નિકળતા ભગવાનની પૂજા-અર્ચના અને આરતી બાદ મંદિર પટાંગણમાંથી રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. 'જય રણછોડ માખણ ચોર'ના જયઘોષ સાથે ઢોલ નગારા અને બેન્ડની સુરાવલી વચ્ચે ભવ્ય રથયાત્રા નિયત રૂટ તરફ આગળ વધી હતી. ભગવાન જગન્નાથજીના દિવ્ય રથની સાથે હાથી, ઘોડા અને કલાત્મક બગીની ભવ્યતા પણ જોવા મળી હતી. રથયાત્રાનું સેક્ટરોમાં ઠરે ઠેર ભાવિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જયરણછોડના નાદ અને ભજન મંડળીની રંગતથી નગરના માર્ગો ગુંજી ઉઠ્યા હતા. કોમી-એકલાસ અને ભાઈચારાના માહોલ વચ્ચે નગરમાં અનોખી ધાર્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળી હતી. શાંતિપૂર્ણ વાતાવરણમાં રથયાત્રા સંપન્ન થઈ હતી.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો આજે સવારે ૭.૧૫ કલાકે

### રથયાત્રામાં અનેક આકર્ષણોના લીધે ભાવિકો ભાવવિભોર : કોમી એખલાસ વચ્ચે રથયાત્રા રંગેચંગે સંપન્ન

પંચદેવ મંદિરથી પ્રારંભ થયો હતો. રથયાત્રા પ્રસ્થાન વેળાએ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીની હાજરીમાં ભગવાનની પૂજા-અર્ચના અને આરતી કરવામાં આવી હતી. આ તબક્કે મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર, શહેર ભાજપના પ્રમુખ નીતિન પટેલ, નગરના અગ્રણી અરૂણ બુચ, રથયાત્રા સમિતિના અધ્યક્ષ દિનેશ કાપડીયા સહીત મોટી સંખ્યામાં ભાવિકોએ પૂજા-વિધિ અને દર્શનનો લાભ લીધો હતો.

પાટનગરના માર્ગો પર આજે ૩૦મી રથયાત્રાનો સવારે ૭.૧૫ કલાકે પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ઉત્તર અને દક્ષિણના ધારાસભ્યો તેમજ મનપાના મેયર દ્વારા રથને ખેંચવામાં આવ્યો હતો. રથયાત્રા પ્રસ્થાન કરતા જ ગાંધીનગરના માર્ગો પર ભક્તિનું વાતાવરણ સર્જાઈ જવા પામ્યું હતું. મંદિરમાં કોણ છે... રાજા રણછોડ છે... જય રણછોડ... માખણ ચોર...ના નારાઓ સાથે રથયાત્રા ફુલશંકર શાસ્ત્રીની આગેવાનીમાં

● અનુસંધાન પાન-૭ પર

# અર્બન બેંકમાં વિકાસ પેનલ વિજયના પંથે

## મતગણતરી મોડી સાંજે આરંભાઈ : પ્રારંભિક પરિણામોમાં વિકાસ પેનલ, પરિવર્તન પેનલ પર ૨૦૦ મતની સરસાઈ ભોગવે છે : મોડીરાત્રે પરિણામની શક્યતા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર અર્બન બેકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૦ બેઠકોની યોજાયેલ ચૂંટણીની મતગણતરીમાં રાત્રે ૧૦ વાગ્યે વિકાસ પેનલ ભારે સરસાઈ ભોગવે છે. મળતી માહિતી મુજબ પ્રથમ ૫૦૦ મતમાં પરિવર્તન પેનલ કરતા વિકાસ પેનલના તમામ ઉમેદવારો ૨૦૦થી વધુ મતની સરસાઈ ભોગવે છે. આમ વિકાસ પેનલના દસે-દસ વર્તમાન ડિરેક્ટરો વિજય બનશે. મધ્યરાત્રિ બાદ પરિણામ જાહેર થાય તેવી સંભાવના છે.

ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંકની બોર્ડ ઓફ ડીરેક્ટર્સ માટેની દસ બેઠકોનું મતદાન શાંતિપૂર્ણ રીતે સાંજે પાંચ વાગે પૂર્ણ થયુ. ૫૦૦૭ સભાસદોમાંથી સાંજે પાંચ વાગ્યા સુધી ૨૪૬૯ સભાસદોએ મતદાન કર્યુ હતું. અંદાજે ૪૯ ટકા મતદાન નોંધાયું હતું.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ૧૦ બીન અનામત બેઠકો માટે ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો. વર્તમાન બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બનેલી વિકાસ પેનલ સામે ૪ નવા ચહેરાઓની બનેલી પરિવર્તન પેનલનો જંગ રસપ્રદ રહ્યો હતો.

ગાંધીનગરના સહકારી ક્ષેત્રમાં મહત્વનું સ્થાન ધરાવતી અર્બન કો-ઓપરેટીવ બેંકના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણીનો પ્રસંગ યોજાયો હતો. અગાઉના વર્ષોમાં સમાધાન અને સહયોગથી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી થતી હતી. આ વખતે લાંબી સમજાવટ છતાં ચૂંટણી અનિવાર્ય બનતા મતદાન યોજાયું હતું. વહેલી સવારથી ટેકેદારોમાં ભારે ઉત્સાહ વર્તાતો હતો. સેક્ટર-૨૧ની પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ મતદાન મથક બહાર મોટી સંખ્યામાં ટોળાઓ દિવસ દરમ્યાન દેખાતા હતા.

26.01.1994થી સતત GPSC (વર્ગ-1/2) (Dy.SP., મામલતદાર/ TDO / SO), PSI તથા તલાટી અને કલાર્ક (વર્ગ-1, 2, 3) BANK CLERKની તમામ સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવી 92.37% સરેરાશ પરીણામ મેળવનાર સંસ્થા...

TCCI EDUCATION PVT. LTD.



3.7.2014 (ગુરૂવાર) થી રાંધેજા, રૂપાલ, સરઢવ, ચિલોડા, વિજાપુર, માણસા, ગોજારીયા, મહુડી જેવા તમામ ગામ / તાલુકા સ્થળના વિદ્યાર્થીઓ માટે ખાસ પેથાપુર ખાતે નવી શાખાની શુભ શરૂઆત...

ઓફીસ નં. ૨૨૯, ૨૩૦, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં
કલાર્ક / તલાટી / કોન્સ્ટેબલ / સચિવાલય વર્ગ-3 માટે...
માસ્ટર કોર્ષ-2014
બેચ શરૂ થવાની તા. : 10.07.2014
ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર
બેચનો સમય : સાંજના 4.30 થી 6.30
4 માસનો અભ્યાસક્રમ ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

ગાંધીનગર, મહેસાણા શાખા ઉપરાંત પેથાપુર શાખામાં 'પ્રવેશ શરૂ'

કોર્ષમાં સંપૂર્ણ સાહિત્ય FREE

પેથાપુર શાખામાં
BANK CLERK (IBPS)
બેચ શરૂ થવાની તા. : 19.07.2014
ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર
બેચનો સમય : બપોરના 2.15 થી 4.15
ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F) 4 માસનો અભ્યાસક્રમ

ગાંધીનગર / મહેસાણા શાખામાં GPSC (વર્ગ-1/2)ની તથા માસ્ટર કોર્ષની શનિ/રવિ (સાંજની) તથા ફક્ત રવિવાર માટે અથવા સોમ થી શુક્રની બેચમાં પ્રવેશ ચાલુ છે.

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 | પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) | મહેસાણા 9537614607

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

IELTS / SPOKEN ENGLISH / UPSC (IAS / IPS)ના વર્ગો ટૂંક સમયમાં શરૂ